## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અહીંયા સ્વાગતવિધિ પતે એટલે અમારા કાર્યાલય પર આવજો... અમારા ઉમેદવારોને 'સાલા ઝુકેગા નહી' ટ્યૂન પર નચાવીને ભાનમાં લાવવાના છે...!!

# કલોલમાં પાણીજન્ય રોગચાળાના નવા ૫૮ કેસ નોંધાયા

### આરોગ્યના અધિક મુખ્ય સચિવે ખાસ સમીક્ષા બેઠક યોજી : નાયબ નિયામક અને સ્ટેટ એપીડેમીયોલોજીસ્ટની ટીમો કલોલ પહોંચી : આજે વધુ ૬ લિકેજીસ મળતાં તંત્ર ચોંક્યુ : ૧૩ લિકેજ દુરસ્ત કરાયા

ગાંધીનગર, તા. ૧૧

કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાની પરિસ્થિતિ હજુ નિયંત્રણમાં આવી નથી. આજે પણ શહેરના અસરગ્રસ્ત વિસ્તારમાં વધુ ૫૮ કેસ નોંધાયા હતા.

કલોલ શહેરમાં છેલ્લા ૪ દિવસથી પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. નગરપાલિકાના તંત્રએ આજે વધુ ૬ લિકેજીસ શોધી કાઢ્યા છે. આમ અત્યાર સુધીમાં ૧૫ જેટલા પાણીના લિકેજીસ મળી આવ્યા છે જે પૈકી ૧૩ જેટલા લિકેજીસ રિપેર કરી દેવામાં આવ્યા છે.

કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળામાં મળી રહેલા કેસોને ધ્યાને રાખી આજે નાયબ નિયામક એપેડેમિક તેમજ સ્ટેટ એપીડેમીયોલોજીસ્ટની ટીમોએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. શહેરમાં પાણીનો પુરવઠો અસરગ્રસ્ત વિસ્તારોમાં આજે પણ ટેન્કરથી પૂરો પાડવામાં આવ્યો હતો. તંત્રએ આજે વધુ નવ પાણીના સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલ્યા છે. આજે પણ ૨૪ જેટલા દર્દીઓ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે. જે પૈકીના ૪ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

ક્લોરીનની ટિકડીઓ તેમજ ઓ.આર.એસ.ના પેકેટ્સનું વિતરણ ચાલુ રાખવામાં આવેલ છે. ૨૨ હજાર જેટલી ક્લોરીનની ટિકડીઓ અને આટલા જ ઓ.આર.એસ.ના પડીકાઓનું વિતરણ અત્યાર સુધીમાં કરવામાં આવ્યુ છે. શહેરની ૫૯ જેટલી સોસાયટીઓમાં ટેન્કરથી પાણી આપવામાં આવ્યુ છે.

દરમ્યાન રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ અગ્રવાલે પણ નગરપાલિકા અને આરોગ્યતંત્રની એક સંયુક્ત બેઠક યોજી પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી પગલાં લેવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ.

કલોલમાં પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેવુ આરોગ્યતંત્રના સૂત્રોએ કહ્યુ છે. આજે કેસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે તે સારી નિશાની હોવાનું કહી આ સૂત્રોએ પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જશે તેમ જણાવ્યુ હતુ.

## ખૂણેખાંચરેથી

- લવાડ રક્ષાશક્તિ યુનિ. કેમ્પસમાં ૮૦ થી વધુ લોકોના સેમ્પલ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે.
- રક્ષાશક્તિ યુનિ.ના પદવીદાન સમારોહ માટે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા થયેલ સ્ક્રીનીંગને લઈ બે ટીમ તૈનાત રાખવામાં આવી છે.
- પંચાયત મહાસંમેલનમાં ભાગ લેવા જતા પંચાયતના સભ્યોએ બસમાં સ્થાન લેતા પહેલાં ભારત માતા કી જયનો નાદ કર્યો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ.
- આગામી ૧૫મી માર્ચથી ગરમીનો પારો ૩૯ ડિગ્રીએ પહોંચશે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ થી ૨૨ ડિગ્રી સે. રહેવાનું હવામાન પૂર્વાનુમાન છે.
- જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓના ક્રમમાં વધારો થયો છે.
- આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા માટે અધિક નિયામકશ્રી દ્વારા આજે જિલ્લાના તંત્રો સાથે વી.સી. યોજવામાં આવી હતી.
- રાજય સરકારે આજે રવિશંકરની સ્ટેચ્યુ ઓફ યુનિટીમાંથી બદલી કરી ઉર્જા વિકાસ નિગમ વડોદરાના વહીવટીય ડિરેક્ટર તરીકે તથા ડી.કે. પારેખની રિજીયોનલ કમિશનર ઓફ મ્યુનિસીપાલીટીઝમાંથી બદલી કરી એગ્રો કોર્પો.ના એમ.ડી. તરીકે નિયુક્ત કર્યા છે.
- કમલમ્‌માં મહેમાનોને અંજીર-બદામનો હલવો, ઉંધીયુ અને લીલવાના ઘૂઘરા પિરસવામાં આવ્યા હતા.

# નર્મદાનુ પાણી સપ્લાય કરવા ૩૬ લાખ લીટર ક્ષમતા ધરાવતો અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાશે

### નવા વિસ્તારમાં પ્રેશર ટેકનોલોજીથી પાણી સપ્લાય કરાશે : મીટર સાથે સોસાયટીને પાણી સપ્લાય કરાશે : પાણીના ચાર્જની રકમ પણ ઉઘરાવી સોસાયટીએ ગુડામાં ચુકવવાની રહેશે

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે નવી ટેકનોલોજીના આધારે ૩૬ લાખ લીટરની ક્ષમતા ધરાવતા અન્ડર ગ્રાઉન્ડ સંપનુ નિર્માણ કરાશે નર્મદાનુ પાણી પહોંચાડવા માટે રૂ ૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે મીટર પધ્ધતિથી પાણી અપાશે જેમાં સોસાયટીએ પાણીના ચાર્જની રકમ ઘરે ઘરેથી ઉઘરાવી ગુડામા જમા કરાવાની રહેશે.

કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ ન્યુ ગાંધીનગરમાં સરગાસણ ગામ તળ તેમજ ટાઉન પ્લાનીંગ સ્કીમના વિવિધ વિસ્તારમાં અંદાજિત ૧૧ કરોડના ખર્ચે નર્મદાનુ પાણી પહોંચાડવા માટે કાર્યયોજના હાથ ધરાશે. આ માટે ગુડા દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ગુડાએ અગાઉ વિવિધ વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવામાં આવે છે. જયારે નવતર આયોજન અન્વયે પ્રત્યેક ઘરે પુરતા ફોર્સથી પાણી પહોંચાડવા માટે ટાંકીનુ કામ હાથ ધરવામાં આવશે નહીં. જયારે નવી ટેકનોલોજીના આધારે ૩૬ લાખ લીટરની ક્ષમતા ધરાવતો અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાશે. જેના આધારે પ્રેશર ટેકનોલોજીથી પાણી વિતરણ કરાશે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ ટેકનિક અસરકારક રહેશે આગામી દિવસોમાં આસપાસના ટી પી વિસ્તારમાં પણ ત્યારે પણ આ વ્યવસ્થાના આધારે પાણી પહોંચાડી શકાશે જો કે પાઈપલાઈનનુ નેટવર્ક ઉભુ કરી નવા વિસ્તારમાં પુરતા દબાણથી પાણી આપી શકાશે. આ યોજના સંદર્ભે નિયત કરાયેલા વિસ્તારમાં ૨૪ કી મી વિસ્તારમાં પાઈપલાઈનનુ નેટવર્ક ઉભુ કરાશે કામ પુરુ થયાના અંતે ગુડા દ્વારા મુખ્ય લાઈનમાં પાણીના મીટર સાથે જે તે સોસાયટીને જોડાણ અપાશે. જયારે સોસાયટીએ પ્રત્યેક ઘરને જોડાણ આપવાનુ રહેશે. આ ઉપરાંત પાણીના ચાર્જની રકમ દરેક ઘરેથી ઉઘરાવી ગુડામાં ચુકવવાની જવાબદારી પણ સોસાયટીની રહેશે. ગુડાએ દરેક ઘરે પાણીના બિલ પણ પહોંચાડવાના રહેશે નહીં. ઈજનેરી સુત્રોના જણાંવ્યા મુજબ ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર બોર્ડ પાસેથી પાટનગર યોજના ભવન દ્વારા નર્મદાનુ શુધ્ધ પાણી ખરીદવામાં આવે છે તે જ મુજબ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ પાણી મેળવે છે. નવી યોજના અન્વયે પાણીની જરૂરિયાત ભાઈજીપુરા પાસેના નર્મદાના પાણીની મુખ્ય લાઈનમાંથી સીધુ જ નવા સંપમાં ઠાલવવામાં આવે તે મુજબ આયોજન કરાયુ છે. જેથી મીટર મુકીને ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે કોઈ ટેકનિકલ ક્ષતિ રહેશે નહીં.

# ખેલ-મહાકુંભ-૨૨ માટે ૧,૨૩ હજાર ખેલાડીઓએ જિલ્લામાં રજીસ્ટ્રેશન કરાવ્યુ

### જિલ્લાના પાંચ હજાર ખેલાડીઓ આજે સ્ટેડિયમ ખાતેના ઉદ્‌ઘાટન સમારોહમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૧

ખેલ મહાકુંભ-૨૦૨૨ અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં ૧ લાખ ૨૩ હજાર ખેલાડીઓનું રજીસ્ટ્રેશન થઈ ચુક્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૩ હજાર અને શહેરમાં ૩૦ હજાર ખેલાડીઓનું રજીસ્ટ્રેશન આજ સુધીમાં થયુ છે.

આજે વડાપ્રધાન મોદી સાંજે પાંચ વાગે સરદાર પટેલ સ્ટેડિયમમાં ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવશે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લેવા આજે જિલ્લાના ૫ હજાર ખેલાડીઓ અમદાવાદ જશે.

જિલ્લાતંત્ર દ્વારા આ ખેલાડીઓને લઈ જવા અને લાવવા માટે ૧૦૦ જેટલી બસો ફાળવવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેર અને તાલુકા માટે ૪૦ બસો, માણસામાં ૨૫ બસો, દહેગામમાં ૧૭ બસો અને કલોલમાં ૧૬ બસોની ફાળવણી કરવામાં આવી છે. આ બસો બપોરે ૧૨.૩૦ થી ૧ ની વચ્ચે ઉપડી અને સ્ટેડિયમ ખાતે પહોંચશે.

ખેલ મહાકુંભમાં આ વખતે ૩૬ જેટલી રમતોની સ્પર્ધા યોજાવાની છે. જે પૈકી કેટલીક રમતોની સ્પર્ધા સીધી રાજ્યકક્ષાએ જ યોજાશે. ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ માટેની તારીખે આજે ઉદ્‌ઘાટન સમારોહ બાદ જાહેર કરી દેવામાં આવશે.

# જેઠીપુરા પાસે ફાર્મહાઉસમાંથી ૩૨૦ બોટલ દારૂ ઝડપાયો

ડભોડા પોલીસના જવાનો વલાદ આઉટ પોસ્ટ પર હાજર હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ સંજયકુમાર રમણલાલ અને પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ રજબસિંહને બાતમી મળી હતી કે ડભોડા થી જેઠીપુરા આવતા માર્ગ પર હનુમાનીયા તળાવની બાજુમાં આવેલા ફાર્મ હાઉસના કંમ્પાઉન્ડ આવેલા મકાનની પાછળના ભાગે પતરાના શેડ નીચે ગાડી નં.જી.જે.૦૧.કે.ડી.-૬૯૩૦ પડી છે. આ ગાડીની અંદર વિદેશી દારૂનો જથ્થો ભર્યો છે. જેથી પોલીસે સ્થળ પર જતા ફાર્મ હાઉસના ઝાંપા ઉપર તાળુ માર્યું હતું. જેથી પોલીસે પંચોની હાજરીમાં તાળુ તોડીને અંદર પ્રવેશ કરી મકાન પાછળ ઉભી રહેલી ગાડીમાં તપાસ કરતા ૪૦ બોટલ દારુની મળી આવી હતી. જયારે મકાન અને ભોંયરામાંથી પોલીસને વિવિધ બ્રાન્ડની કુલ-૩૨૦ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે રૂ.૧,૪૨,૮૭૫-રૂ.૨ લાખની કાર ગણી કુલ રૂ.૩,૪૨, ૮૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે તેજવીરસિંગ શશીપાલ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મેદરા પાસે ટ્રેન નીચે પડતુ મુકતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક મેદરા ગામની સીમમાંથી પસાર થતા રેલ્વે ફાટક પર હિંમતનગર થી અમદાવાદ તરફ ડેમુ ટ્રેન આવી રહી હતી. ત્યારે મળતી માહિતી મુજબ ટ્રેનની રાહ જોઈને ઉભો રહ્યો હોય તેમ એક યુવકે ટ્રેન આવતા જ પડતુ મુક્યું હતું. જેને પગલે યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. જયારે યુવક મુળ ઉતરપ્રદેશ અને હાલ ઈડર ખાતે રહેતો અને છુટક મિસ્ત્રી કામ કરતો હતો. જયારે કામ મળે ત્યાં યુવક કામ કરવા માટે જતો હતો. જયારે યુવકનુ નામ ઈન્દ્રજીત નટવરલાલ નિષાદ હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.





લોકલાડીલા યશસ્વી વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદીને

આવકારવા પધારેલા લાખો લોકોની જનમેદની ગુજરાતનો અતૂટ પ્રેમ અને આશીર્વાદ દર્શાવે છે, ભવ્યાતિભવ્ય રોડ-શોને સફળ બનાવવા માટે જનતા જનાર્દનનો

ખૂબ ખૂબ આભાર

સૌનો સાથ । સૌનો વિકાસ । સૌનો વિશ્વાસ । સૌનો પ્રયાસ

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ